PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ – ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/કવા–૦૧/૧૮–૧૯/ ૬૬૬૨–૧ તા. [illegible]

રજી એ.ડી. પત્ર

પ્રતિ,
મહંત રામદાસજી ગુરૂ મધુસુદનદાસજી,
ખાખ ચોકની જગ્યા –
દામોદર કુંડ પાસે
<u>ભવનાથ – જુનાગઢ</u>

વિષય :–ઓડિટ રીકવરી ની રકમ બાબત
<u>સંદર્ભ:– આપની અરજી તા. ૨૬–૦૪–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૨/કવા–૦૧/૧૮–૧૯)</u>

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે

જે આપને સુવિદીત થાય. આભાર સહ.

આપનો વિશ્વાસુ

(સી.જે.ગ[illegible])
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. .....)

<u>નકલ રવાના</u> :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી – જુનાગઢ
(૩) <u>નાયબ</u> ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગાંધીધામ પેટા વિભાગીય કચેરી જુનાગઢ

સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૨/ક્વા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૫–૦૬–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: મહંત રામદાસજી ગુરૂ મધુસુદનદાસજી, ગામ: જુનાગઢ

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે .એભાભાઈ પુંજાભાઈ કટારા હાજર રહેલ છે

વિરુધ્ધ

પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા)

પીજીવીસીએલ (કચેરી) : ગાંધીગ્રામ પેટા વિભાગીય કચેરી જુનાગઢ (કાર્યક્ષેત્ર શહેર વિભાગીય કચેરી – જુનાગઢ)

રજુઆત કરનાર :વી.એલ. ભીમાણી સર ( નાયબ ઈજનેર (ટેક) – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી – જુનાગઢ

## : હુકમ :

ફરીયાદ : ઓડિટ રીકવરી ની રકમ બાબત

### મુદ્દા નં. –૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, આની જુનાગઢ વર્તુળ કચેરી હેઠળ ગાંધીગ્રામ પેટા વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.: ૩૦૮૦૮/૦૫૪૪૮/૧ મા મીટર ભાડા મા લેશ રીકવરી ની રકમ રૂ.૧૧,૩૧૦/– ભરપાઈ કરી આપવાની નોટીસ આપવામા આવેલ છે. જે અંદાજીત ૫૮ માસ ની રીકવરી કાઢવામા આવેલ છે. પરંતુ, જીઈઆરસી ના સપ્લાયકોડ ના નોટીફિકેશન નંબર: ૬.૮૪ મુજબ તેમજ ઈલેકટ્રીસીટી એકટ – ૨૦૦૩ ના સેકશન – ૫૬ મુજબ – ૦૨ વર્ષ થી વધારાની રીકવરી થઈ શકે નહી – આમ અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે |

### મુદ્દા નં. –૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, સદર અરજદારના ગ્રાહક નં.: ૩૦૮૦૮/૦૫૪૪૮/૧ ના વીજબીલ માટે જાન્યુઆરી–૨૦૧૨ થી ફેબ્રુઆરી– ૨૦૧૮ સુધી મીટર ભાડા પેટે રૂ.૨૨૫/– ને બદલે સીસ્ટમ ની ભુલ ના કારણોસર મીટર ભાડા પેટે રૂ.૩૦/– વસુલવામા આવતુ હતુ, જે ઓડિટ ટીમ ના ધ્યાને આવતા – તફાવતીય રકમ રૂ.૧૧,૩૧૦/– વસુલવા પાત્ર થતા હોય – જેની લેખીત જાણકારી અરજદાર ને પત્ર નં.–૧૩૪૯ તા.૧૪–૦૩–૧૮ થી આપેલ. જે સદર રકમ આઈ.ડી. નં. – ૫૭૬૨૫૩૧ તા.૩૧–૦૩–૧૮ ના રોજ ગ્રાહક ના ખાતામા રકમ ઉધારેલ છે. સદર બાબતે અરજદારે સબંધક કચેરી ને આ બાબતે અગાઉ ફરીયાદ કરેલ નથી. તેમજ, ગ્રાહક અરજદાર દ્વારા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૮૪ નુ અર્થઘટન ખોટુ કરેલ છે. સદર બાબતે અરજદાર ને અપાયેલ વીજબીલ મા ભુલ ચુક લેવી દેવી એ સ્પષ્ટ રીતે લખાયેલ છે |

### મુદ્દા નં. –૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં ૧ હેઠળ ની વિગત ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | • અરજદાર ની મુદ્દા નં ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને — પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી મહંત રામદાસજી ગુરૂ મધુસુદનદાસજી, ગામ: જુનાગઢ ગ્રાહક નં.. ૩૦૮૦૮/૦૫૪૪૮/૧ થી જી.એલ.પી. ટેરીફ હેઠળ વીજભાર વધારા મુજબ ૮૦ કીવો નુ વીજજોડાણ માહે જાન્યુઆરી–૧૨ થી ધરાવે છે. વર્તુળ કચેરી જુનાગઢ ના પત્ર ન. ૩૧૫ તા.૦૧–૦૩–૧૮ થી ગાંધીગ્રામ પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેર ને જણાવેલ કે ઓડિટ રીપોર્ટ વર્ષ માહે એપ્રીલ –૧૬ થી માહે માર્ચ–૧૭ અન્વયે — સદર વીજ ગ્રાહક ના મીટર ભાડા ની રીકવરી રૂ.૧૧,૩૧૦/- કરવાની થતી હોય — જે ઓડિટ રીકવરી આનુષાંગીક બાબત છે. જે તે વર્ષ મા થયેલ ભુલ ના કારણોસર ની બાબત છે. આ પુરવણી બીલ મા કોઈ દંડ ની કાર્યવાહીજનક વસુલાત નથી, પરંતુ '' ભુલ–ચુક લેવી દેવી'' સબંધક, એવી અગાઉ ના વર્ષ ની ભુલ અન્વયે ની વસુલાત, જે ૦૨ વર્ષ પછી, પીજીવીસીએલ ના ધ્યાને આવેલ હોય, તે મુજબ ની વસુલાત છે અને તે અન્વયે ની, અગાઉ ના ૦૨ વર્ષ પહેલાની ભુલ સુધારણા ના ભાગરૂપ જ સદર પુરવણી બીલો અપાયેલ છે. જે, વસુલાત ની રકમ '' 89th REPORT OF LAW COMMN. OF INDIA ON THE LIMITATION ACT-1963 (Chapter –17 Section-17- i.e. Fraud and Mistake — અંતર્ગત ના CLAUSE NO. 17 (1)'' અંતર્ગત ની બાબતો હેઠળ ની હોય, યોગ્ય હોય — જેથી સપ્લાયકોડ ના નોટીફિકેશન નંબર: ૬ ૮૪ મુજબ તેમજ ઈલેક્ટ્રીસીટી એક્ટ — ૨૦૦૩ ના સેકશન — ૫૬ મુજબ — ૦૨ વર્ષ થી વધારાની રીકવરી થઈ શકે નહી, જે સદર કેઈસ મા લાગુ પાડી શકાય નહી. કારણકે — જે તે વખતનો પીજીવીસીએલ દ્વારા જે બીલ અપાયેલ હતુ, ત્યારબાદ — માત્ર બીલ ની ગણતરી ની ભુલ ઓડિટટીમ ના ધ્યાને આવતા બીલ અપાયેલ હતુ. તેમજ — જે તે વખત નો પીજીવીસીએલ પાસે ડેટા ઉપલબ્ધ પણ હતો.<br>• આમ, ઓડિટ રીકવરી ની રકમ નિયમાધીન રીતે ભરપાઈ કરવા પાત્ર હોય — જે બાબત ની પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર પક્ષકાર ને દિન–૦૭ મા લેખીત જાણકારી આપી અને નિયમાધીન વસુલ કરવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે |

<u>**મુદ્દા નં.–૪.**</u> <u>**હુકમ**</u>

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩ ૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

| | ગેરહાજર |
|---|---|
| **(શ્રીમતી કે.જે.પોટાણી )**<br>**સ્વતંત્ર સભ્ય**<br>**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** | **(એન.ડી.ધામેલીયા)**<br>**સભ્ય (ટેક)**<br>**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** |

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ પત્રક કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધ હોય તો, સદર રકમ ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.